## સખાવતી સંસ્થાઓની સૂચિ અને અન્ય ઑન-લાઇન સાધનો

સખાવતી સંસ્થાઓની યાદી શોધવા માટે **www.cra.gc.ca/charitylists** જુઓ. બધી સખાવતી સંસ્થાઓ વિષે માહિતી પ્રાપ્ત થઇ શકશે, જેમાં સમાવિષ્ટ છે :

- તમારા સમુદાયમાં કાર્યરત સંસ્થાઓ;
- રજિસ્ટ્રેશનની તારીખો;
- વળતર (કોમ્પન્સેશન);
- કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ; અને
- ફાળો એકત્ર કરવાનો અને વહિવટી ખર્ચ.

સમજી વિચારીને દાન કેવી રીતે કરવું તે વિષે માહિતી માટે **www.cra.gc.ca/donors** પર *ગિવિંગ ટૂ ચેરિટી : ઇન્ફર્મેસન ફૉર ડોનર્સ (Giving to charity: Information for donors / Faire un don de bienfaisance : renseignements à l'intention des donateurs)* જુઓ, જેમાં સમાયેલી છે :

- ચેરિટેબલ ડોનેશન ટેક્સ ક્રેડિટ કેલ્ક્યુલેટર (Charitable donation tax credit calculator / Calculateur du crédit d'impôt pour don de bienfaisance);
- *ગિવિંગ ટૂ રજિસ્ટર્ડ ચેરિટીઝ ૧૦૧* નામની વિડિયો સિરીઝ (*Giving to registered charities 101 / Comment faire un don à des organismes de bienfaisance enregistrés*); અને
- છેતરપીંડીની નિશાનીઓ ઓળખવામાં મદદકર્તા પ્રશ્નો અને ચેતવણીની નિશાનીઓ.

## (CRA) સાથે સંપર્ક સાધો

**ઑન-લાઇન**
www.cra.gc.ca/donors

**ટેલિફોન દ્વારા**
૧-૮૦૦-૨૬૭-૨૩૮૪

**ટપાલથી**
Charities Directorate
Canada Revenue Agency
Ottawa ON K1A 0L5

## મારી પસંદગીની નોંધાયેલી સખાવતી સંસ્થા

- નામ : ______________________
  રજિસ્ટ્રેશન નંબર : ____________
  દાનની તારીખ : ______________
  દાનની રકમ : ________________

- નામ : ______________________
  રજિસ્ટ્રેશન નંબર : ____________
  દાનની તારીખ : ______________
  દાનની રકમ : ________________

- નામ : ______________________
  રજિસ્ટ્રેશન નંબર : ____________
  દાનની તારીખ : ______________
  દાનની રકમ : ________________

# સમજી વિચારીને દાન કેવી રીતે કરવું જોઈએ

## કેનેડા રેવન્યૂ એજન્સી (સી.ર.એ) અને નોંધાયેલી (રજિસ્ટર્ડ) સખાવતી સંસ્થાઓ







RC4407-GUJ Rev. 11

Canada Revenue Agency / Agence du revenu du Canada

Canada

## સી.આર.એ. અને રજિસ્ટર્ડ સખાવતી સંસ્થાઓ

**તમે જાણો છો કે કેનેડામાં ૮૫,૦૦૦ થી વધારે રજીસ્ટર્ડ સખાવતી સંસ્થાઓ છે?**

સી.આર.એ (Canada Revenue Agency (CRA) / Agence du revenue du Canada (ARC)):

- રજીસ્ટર્ડ સંસ્થા તરીકેના દરજ્જા માટે અરજીઓની સમીક્ષા કરે છે;
- સંસ્થાના હેતુઓ અને પ્રવૃત્તિઓ સખાવતી છે કે કેમ અને તે સાર્વજનિક લાભ માટે છે કે કેમ તે નક્કી કરે છે;
- બધી રજીસ્ટર્ડ સખાવતી સંસ્થાઓની પ્રવૃત્તિઓ અને નાણાંકીય માહિતી એકત્ર કરે છે અને કેનેડાના બધા નાગરિકોને આ માહિતી ઉપલબ્ધ કરાવે છે; અને
- આ બધી સંસ્થાઓ સખાવતી હેતુઓ માટે કામગીરી ચાલુ રાખે અને તેમના સાધનો સખાવતી પ્રવૃત્તિઓ માટે સમર્પિત રહે તે અર્થે હિસાબની તપાસ (ઓડિટ) રાખીને તેનું સંચાલન કરવામાં આવે છે.

સખાવતી સંસ્થા તરીકે નોંધાઇ જાય પછી, તેને :

- રજિસ્ટ્રેશન નમ્બર આપવામાં આવે છે;
- ઇન્કમ ટેક્સમાં કપાત માટે દાનમાં મળેલી રકમની અધિકૃત રસીદ આપી શકે છે;
- તેને ઇન્કમ ટેક્સ આપવો પડતો નથી; અને
- દર વર્ષે રજિસ્ટર્ડ ચેરિટી ઇન્ફર્મેશન રિટર્ન (Registered Charity Information Return / Déclaration de renseignements des organismes de bienfaisance enregistrés) ભરવું ફરજિયાત છે.

## ટેક્સ અંગે જરૂરી સૂચના

- ફકત કેનેડાની રજીસ્ટર્ડ સખાવતી સંસ્થાઓ અથવા અન્ય અધિકૃત દાનગ્રાહીજ દાનની અધિકૃત રસીદો આપી શકે અને આવી રસીદો જ ચેરિટેબલ ટેક્સ ક્રેડિટ માટે માન્ય ગણાય છે.
- કોઇ સંગઠન કે સંસ્થા નોંધાયેલી સખાવતી સંસ્થા છે કે કેમ તેની જાણ માટે સી.આર.એ. ની વેબ-સાઇટ www.cra.gc.ca/charitylists પર ચેરિટીઝની યાદીમાં તપાસો અથવા ૧-૮૦૦-૨૬૭-૨૩૮૪ પર ફોન કરીને માહિતી મેળવો.
- તમે દાનમાં આપેલી રકમની ટેક્સ ક્રેડિટ મેળવવા માટે તમારી પાસે તે રકમની રસીદ હોવી જોઇએ જે દર્શાવતી હોય કે તે “ઇન્કમ ટેક્સના હેતુ માટે અધિકૃત રસીદ” છે.
- સેવા રૂપી ફાળો (જેમ કે સમય, કુશળતા અથવા આવડત અને પ્રયત્ન) દાનની રસીદો માટે પાત્ર **નથી.**
- ૨૦૦ ડોલરથી વધારે રકમ ઉચ્ચતર ટેક્સ ક્રેડિટ માટે લાયક ગણાય છે અને દાન આપ્યા પછી પાંચ વર્ષ સુધીમાં તમે ટેક્સ ક્રેડિટ માટે ક્લેમ કરી શકો છો. અમુક વર્ષો દરમ્યાન આપેલ દાનની રકમ ભેગી કરીને વધારે ટેક્સ ક્રેડિટ મેળવી શકો છો. તમારા પત્ની/પતિ અથવા કોમન-લો પાર્ટનરની રસીદો ભેગી કરીને ચેરિટેબલ ટેક્સ ક્રેડિટ વધારી શકો છો.
- જે વર્ષનું ટેક્સ રિટર્ન ભરતા હો તે વર્ષની ૩૧ ડિસેમ્બર કે તે પૂર્વે કરેલા દાનની રકમનો જ ક્લેમ રજૂ કરો.

## છેતરપિંડીથી બચો

- તમે કોને દાન આપો છો તેની પૂરેપૂરી ખાત્રી કરો. કેટલીક વાર કપટી સંગઠનો જાણીતા અને પ્રતિષ્ઠિત સંગઠનોને મળતા આવતા નામોનો ઉપયોગ કરે છે. દાન આપતા પહેલા સમય લઈ જાણો અને સમજી વિચારીને દાન કરો.
- તમે એવી યોજનાઓથી ચેતો કે જે રજીસ્ટર્ડ ચેરીટિ તમારા “લાભ” ની કિંમત કરતાં વધુ ટેક્સ બચતનો દાવો. કરે.
- વ્યક્તિઓના નામે નહીં પરંતુ રજીસ્ટર્ડ સખાવતી સંસ્થાના નામે જ ચેક લખો, અને તમારા ઑન-લાઇન ચુકવણીની સલામતીની ખાત્રી કરો.
- જો તાત્કાલિક દાન આપવાનું અયોગ્ય રીતે દબાણ કરવામાં આવે અથવા તમે જે રકમ દાનમાં આપો તેનાથી વધારે રકમની રસીદ આપવાનો પ્રસ્તાવ કરવામાં આવે અથવા છળકપટની કોઇ નિશાની જણાય, તો દાન આપવાની ચોખ્ખી ના પાડો.
- ૧-૮૮૮-૪૯૫-૮૫૦૧ પર કેનેડિયન એન્ટી ફ્રોડ સેન્ટર (Canadian Anti-Fraud Centre / Centre antifraude du Canada) ને ફોન કરીને છેતરપિંડીની માહિતી આપો.